

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કોલેજીયમ્‌નો કડવો ઘૂંટ પણ પરાણે પીધો!*
*પછાત અંગેનો ઢીલો ઠરાવ પણ પાછો લીધો!*
*ખાધો ઠપકો સોશિયલ મીડિયા પર અંકૂશે -*
*આ મુખત્યારી નો સુપ્રીમે ઉઘડો લીધો!*

### હાઈકુ

*માથું સેવાળે,*
*ઉંચા રહે બે પગ -*
*ખોટા નિર્ણયો...*

*ચઢાવે છત -*
*ખોટા સલાહકારો -*
*દેવો છે ધક્કો?*

### ચિંતન

**મન્ત્રચક્ષુસા પરછિદ્રાણ્વલોક- યાન્તિઃ**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

મંત્રણારૂપી ચક્ષુઓની રાજા શત્રુની દુર્બળતા નિહાળી શકે છે.

મંત્રણારૂપી રાજા માટે આંખ સમાન છે, યોગ્ય સલાહકારો અને મંત્રીઓ સાથેની મંત્રણાથી તેમની સમક્ષ શત્રુઓની દુર્બળતા છતી થાય છે અને તે આસાનીથી એના પર વિજય પ્રાપ્ત કરી શકે છે.

જાસૂસીતંત્ર - પ્રધાનમંડળ નિષ્ણાત અને ખૂબ જ સાવધાન હોય તો રાજા પ્રધાનમંત્રી ને ખૂબ જ મદદરૂપ થાય છે આવા નિષ્ઠાવાન વફાદાર સલાહકારોની સાથે વિચારવિમર્શ કર્યા પછી જ રાજાએ નિર્ણય લેવો જોઈએ.

### સુવિચાર

- જિંદગી અને બંદગીને જુદી સમજ્યા છે એમણે જિંદગીઓને કાપી છે - **મોરારિ બાપુ**
- ગટરમાં તો આપણે સૌ કોઈ ઊભા છીએ પણ આપણામાંથી કેટલાકની નજર આકાશના તારાઓ ભણી હોય છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- ઘરના સભ્યોનો સ્નેહ ડૉક્ટરની દવા કરતાંય વધુ લાભદાયી હોય છે - **પ્રેમચંદ**
- સ્પર્શ સંબંધને જીવંત રાખતી સંજીવની છે - **હંચલ ભચેચ**
- તમારું મન જે ઈચ્છે છે તેનો પીછો કરવાનું છોડી, દેશો તો તમારા આત્માને જેની જરૂર હશે એ આપોઆપ મળી જશે - **ઓશો**
- સાહિલ સે ટકરાકર મીટ જાતા હૈ અકસર વજૂદ લહેરોં કા, ભિર ફી નહીં રૂકતી મીટ ને કે ડર સે - **એસ.એમ.એસ.**
- આજનું ઔષધ : વાળને ચણાનો લોટ લગાડી બે કલાક પછી ચોખાના ધોવાણવાળા પાણીથી ધોવાથી વાળ ચમકીલા બને છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પાટણના સિદ્ધરાજ જયસિંહ અવારનવાર વેશ પલટો કરીને પ્રજાના દુઃખ જાણતા. યોગ્ય ન્યાય આપવામાં તેઓ વિખ્યાત હતા. કોઈને પણ અન્યાય ન થવા દેતા. એક વખત તેઓ માતાને લઈને સોમનાથની યાત્રાએ નીકળ્યા. રસ્તામાં જોયું તો ઘણા યાત્રાળુઓ, દર્શન કર્યા વગર પાછા આવી રહ્યા હતા. સિદ્ધરાજે એમાના એક યાત્રાળુને રોકીને પૂછ્યું, 'ભાઈ તમે સોમનાથની યાત્રા કરવા આવ્યા છો છતાં દર્શન કર્યા વગર કેમ પાછા જાવ છો.' યાત્રાળુએ જવાબ આપતા કહ્યું, 'મહારાજ ! અમારે ઘણી મોટી રકમ યાત્રાવેરોમાં ભરવી પડે છે. અમે તો ગરીબ ખેડૂત છીએ અમે યાત્રાવેરો ભરવા અશક્ત છીએ. એ ભર્યા વિના અમને કોઈ દર્શન કરવા દેતુ નથી, આથી અમે દર્શન કર્યા વિના પરત ફરી રહ્યા છીએ.' આ વાત સાંભળીને સિદ્ધરાજને ખૂબ દુઃખ થયું એણે તાત્કાલિક અસરથી ફરમાન બહાર પાડી યાત્રાવેરો સમાપ્ત કર્યો. રાજયને યાત્રાવેરો કાઢી નાખવાથી આવકમાં ઘણો ફેર પણ પડ્યો. પણ આમ કરવાથી સિદ્ધરાજના માતા રાજી થયા અને રાજાને કરોડો યાત્રાળુઓના આશિર્વાદ મળ્યા. સિદ્ધરાજની રાજય ચલાવવાની કુનેહ અને દાનેશ્વરી સ્વભાવ અને ન્યાયમાં સમતુલનને કારણે એના દરબારમાં વિદ્વાન જૈન હેમાચાર્ય એ 'સિદ્ધહેમ' નામનો ગ્રંથ લખ્યો હતો.

# ફિલ્મી રાજનેતાઓનો દબદબો ઘટ્યો

**તંત્રીસ્થાનેથી...**

દક્ષિણ ભારતમાં સૌથી મહત્ત્વનું રાજય તામિલનાડુ છે અને સૌથી મહત્ત્વની ભાષા તમિલ છે. તમિલ સંસ્કૃત કરતાં પણ જૂની ભાષા હોવાની માન્યતા છે. તમિલમાં રચાયેલા 'કુરુળ' ને વેદો અને ગીતા જેટલી પ્રતિષ્ઠા સાંપડેલી છે. આપણને રાષ્ટ્રભાષા તરીકે હિંદીને માન્યતા અપાવવામાં સૌથી મોટો વિરોધ તમિલભાષીઓ તરફથી નડ્યો છે. ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા રાષ્ટ્રીય નેતા કયારેક હિંદીની હિમાલયત કરતા હતા પરંતુ તત્કાલીન મદ્રાસ સ્ટેટ અને આસપાસનાં દ્રવિડ રાજયોને હિંદીને ઉત્તર ભારતની ભાષા ગણાવી રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવાનો વિરોધ કર્યો ત્યારે એમનો પણ એ પંગતમાં જોડાઈ જવું પડ્યું હતું. આ તમિલ સંસ્કૃતિનું પુનરુત્થાન દ્રવિડ મુનેત્ર કળગમ્ જેવી રાજકીય પાર્ટીના ઉદય સાથે ચરમસીમાએ પહોંચ્યું અને અન્નાદુરાઈ ત્યાંની પ્રજાના સર્વમાન્ય નેતા તરીકે ઊપસી આવ્યા. એમજીઆરના હુલામણા નામે ઓળખાતા તમિલ ફિલ્મ જગતના સુપરસ્ટાર લકવાયેલી સ્થિતિમાં પણ જીવ્યા ત્યાં સુધી તમિલનાડુના સર્વાધિક લોકપ્રિય રાજનેતા બની રહ્યા. એમજીઆરને પડકારનાર એમ. કરુણાનિધ પણ મૂળે તો ફિલ્મી કથા લેખક જ હતા. દ્રવિડ મુનેત્ર કળગમના બે ભાગ પડ્યા જે પૈકી મૂળ ડીએમકેની જાગીર તો આજ લગી આ કરુણાનિધિ હસ્તક જ રહી છે. જયલલિલા જયરામ નામનાં રૂપગર્વિતા અભિનેત્રીના એમજીઆર સાથેના સુંવાળા સંબંધો સર્વવિદિત છે. એમ.જી. રામચંદ્રનનાં રાજકીય વારસ તરીકે જયલલિતા લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન ભોગવતાં રહ્યાં આજે એમની હયાતી નથી ત્યારે પણ જયા અમ્મા તમિલ પ્રજાનાં સૌથી લાડકવાયા મહિલા તરીકે પ્રસ્થાપિત છે. આ જ જયલલિતાનાં માતા સાથે હાલ મૃત્યુશૈયા પર પોઢેલા કરુણાનિધિના સુંવાળા સંબંધો ચર્ચાતા રહેલા. દક્ષિણની પ્રજા માટે ફિલ્મી નટ-નટીઓનું સ્થાન મંદિરનાં બિરાજમાન દેવદેવીઓ જેવું રહ્યું છે. તેઓ પોતાના પ્રિય નેતાઓ પાછળ એટલી હદે પાગળ હોય છે કે એમના નામ પર સર્વસ્વ લૂંટાવી દેતાં વાર નથી કરતા. દક્ષિણની પ્રજાની આવી ભાવુકતા અને સંવેદનશીલતા વારંવાર લોકપ્રિય નેતાઓ પાછળ આત્મવિલોપન જેવી ઘટનાઓમાં પ્રતિબિંબિત થતી રહી છે. કરુણાનિધિની લોકપ્રિયતા જયલલિતા કે એમજીઆરની સરખામણીએ થોડી ઓછી હોવા છતાં તેઓ વારંવાર પોતાના રાજયમાં મુખ્યમંત્રીપદ શોભાવતા રહ્યા છે અને કેન્દ્રમાં પણ સત્તામાં ભાગાદારી કરતા રહ્યાં છે. પોતાના રાજકીય વારસો પુત્ર સ્ટાલિન અને પુત્રી કનીમોઝીને સોંપી કરુણાનિધિ જયારે છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે ત્યારે તમિલનાડુમાં ફિલ્મજગતના વર્ચસ્વનો એક આખો યુગ સમાપ્ત થઈ રહ્યો હોય એવું લાગે. જો કે રજનીકાંત અને કમલ હાસન જેવા ફિલ્મી હીરો રાજકીય ક્ષેત્રે સક્રિય થવા મથે છે પણ જે લોકપ્રિયા અને પ્રતિષ્ઠા એમજીઆર, કરુણાનિધિ કે જયલલિતાને સાંપડી છે તે ઊંચાઈએ ભાગ્યે જ કોઈ પહોંચી શકશે. ટુ-જી ગોટાળામાં કરુણાનિધિની પુત્રી કનીમોઝી અને વિશ્વાસુ સાંસદ એ.રાજાને સજા પણ થઈ અને છેવટે એ દોષમુક્ત પણ થયા. જયલલિતા પણ વારંવાર જેલયાત્રા કરતાં રહ્યાં, છતાં પ્રજાના હૈયામાં આ ફિલ્મી રાજનેતાઓનું સ્થાન ડગ્યુ નથી. કરુણાનિધિ સાથે ગમે તે ભાષામાં વાત કરો પણ જવાબમાં તમિલ જ સાંભળવા મળશે. આવા ભાષા - સંસ્કૃતિના જયોતિર્ધરની અંતિમ ઘડીઓ ઘણાઈ રહી છે ત્યારે આપણે એમને દીર્ઘાયુ સાંપડે એવી પ્રાર્થના કરીએ.

# પીળું એટલું સોનું નહીં અને સોનું મોંથી બોલે નહીં પોતાનું મોલ



**નવાં કલેવર**

નટવર હેડાઉ

તેણે મને જીરો સાઈઝની રુદ્રાક્ષની માળા ભેટ આપી. અને કહ્યું આની અસલિયત પર કયારેય શંકા ન કરતા. આની બાબતમાં તમે ત્યારે જ શંકા કરી શકો જયારે તે તમે મારી પાસેની ખરીદી હોય. થોડી વાર પછી તેણે એમ પણ કહ્યું, 'સોનીની દીકરો છું મને ખબર છે કે દેશમાં દરેકની જીભે એક કહેવત સાંભળવા મળે છે કે સોની પોતાના બાપને પણ ન છોડે.'

જરા અટકીને તે બોલ્યો 'કહેવતોમાં મોટા ભાગે કંઈ ને કંઈ વધુ પડતું કહેવાતું હોય છે છતાં આવી કહેવતો સચ્ચાઈથી બહુ દૂર હોતી નથી.'

મેં જવાબ આપ્યો, 'આવડા નાના નાના એક સો આઠ મણકાની માળા, જે કાચા દોરામાં પહોવેલી છે. પહેરેલ રાખીશ તો ટૂટીને વિખરાઈ જશે. મને દુઃખ એ વાતનું એટલું નહીં હોય કે ભેટમાં મળેલ એક દુર્લભ અને કિંમતી ચીજ નાશ પામી. પણ હું રહ્યો કવિ. તમે મારી કવિતા તો કયારેય સાંભળી નથી. અલબત્ત મારા એક ગમતા મોટા કવિ ગોસ્વામી તુલસીદાસની કવિતા મારા મોં એ સાંભળી તું અભિભૂત થયો અને તેં આ માળા મને ગિફ્ટ કરી દીધી. તું જ કહે આવી પાવન આ માળાના મણકા ટૂટીને વિખરાઈ જશે તો કેટલું મોટું અપશુકન થશે. એક માળાના ટૂટવાથી મણકે મણકા વિખરાઈ જાય તેનાથી મોટું અપશુકન બીજું આ જગતમાં હોઈ શકે ખરું ?'

દોસ્ત તું કોઈ અંધભક્ત વ્યક્તિ તથા ફક્ત એક શ્રદ્ધાળુ છે. પરંતુ હું પણ જાણું છું કે ભારતીય સંસ્કૃતિની સુવર્ણ ચેનમાં હમણાં થોડા દિવસ પહેલાં સમય પારખીને મહત્ત્વના સ્થાનો પર એવી રીતે અમુક મણકા સાધુ-સંતો રૂપે વ્યવસ્થિત ગોઠવાઈ ગયા છે કે પોતાની જાતને ભગવાન રૂપે મહિમામંડિત કરવા લાગી ગયા છે. અને કલીયુગમાં અવતારી બનીને શ્રદ્ધાળુઓ, ભક્તો અને શિષ્યોની સંગે રાસલીલા રચાવી તેને ધાર્મિકતાનો અંચળો પહેરાવી રહ્યા છે. આવા સમાચારો તેં સોના-ચાંદીના ભાવોની સાથેસાથ અખબારોમાં વાંચ્યા જ હશે.

'સોનીભાઈ, મારા મનમાં પણ અચાનક કંઈક વિચાર આવતા મોંમાંથી શબ્દો નીકળી પડ્યા. ભગવા દોરામાં પીળા મણકાની આ માળા મારા ગળામાં પહેરતાં કયાંક મારી માનસિકતા પણ પેલા સાધુસંતો જેવી બદલાઈનો નહીં જાય છે.'

નહીં તમે તો એક કવિ છો. સાહિત્યિક ભાષા સારી રીતે સમજી શકો છો. તેથી બીજી આ પણ કહેવત તમે સાંભળી જ હશ કે 'પીળું એટલું સોનું નહીં અને સોનું મોંથી બોલે નહીં પોતાનું મોલ.' સોનીનો અસલી ગુરુમંત્ર આમાં જ સમાયેલો છે. સોનું ભલે વેચવામાં આવે કે ખરીદવામાં આવે. તેમાં ખોટ વાળો ભાગ સોનીથી છૂપો રહેવો ન જોઈએ.

અને હું માળા તરફ જોવા લાગ્યો કે માળાનો કયો ભાગ સોનીની તરફ છે.

# ઢીંગલી જેવી સોનાલીની લાઈફ સ્ટાઈલ



**ગુલમહોર**

દિનેશ દેસાઈ

શિખર આજે સવારથી ખિન્ન હતો. ન્યૂઝપેપરમાં જે સમાચાર વાંચ્યા તે રહી રહીને આંખ સામે છવાઈ જતા હતાઃ ''સલમાનથી પીછો છોડાવવા ઐશ્વર્યાએ વિવેક ઍબોરૉયને ઉલ્લુ બનાવ્યો અને અભિષેક સાથે સંબંધ જોડ્યો.''

શિખર મનોમન વિચારોમાં ગરકાવ થઈ ગયોઃ ''શું સોનાલીએ પણ મારી સાથે ગેમ કરી? હું આ ત્રણ આશિકની લવસ્ટૉરીમાંથી ક્યાં ફિટ બેસું છું? સોનાલી આજે ક્યાં હશે? શું કરતી હશે? કઈ હાલતમાં હશે?''

સોનાલીએ શહેરની જાણીતી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં અગિયારમા ધોરણમાં એડમિશન લીધું હતું. સત્તર વર્ષની સોનાલી ગ્લેમર ગર્લ બનીને આખી સ્કૂલમાં છવાઈ ગઈ હતી. તેની મુગ્ધતા જાદુઈ હતી. તેના રૂપનો જાદુ એવો હતો કે તે પસાર થાય ત્યારે છોકરાઓ તેને જોવા માટે ઉભા રહી જતા. સ્કૂલના પ્લેગ્રાઉન્ડમાં તે શૉર્ટ્સ પહેરીને બેડમિંગ્ટન રમતી હોય ત્યારે છોકરાઓની સૌથી વધુ ભીડ જામતી. સ્કૂલની બીજી છોકરીઓ સોનાલીની ઈર્ષા કેમ ન કરે? કેમ કે તેણે આખું મેદાન સાફ કરી નાખ્યું હતું.

સ્કૂલમાં જુદા જુદા સ્ટુડન્ટ્સ ગૃપ સોનાલીને પોતપોતાના ગૃપમાં સામેલ કરવા અંદરોઅંદર જાણે સ્પર્ધામાં રહેતા હતા. ભણવામાં હોંશિયાર હોવાથી સોનાલી ટીચિંગ સ્ટાફમાં પણ સૌ શિક્ષકોની માનીતી સ્ટુડન્ટ બની ગઈ હતી. તેના પપ્પા સેન્ટ્રલ ગવર્મેન્ટ ઑફિસર હોવાથી ટ્રાન્સફરેબલ જોબને લઈને આ શહેરમાં ટ્રાન્સફર થઈને ફેમિલી સાથે આવી વસ્યા હતા. શિખર, મીત અને વૈભવ સોનાલીના ક્લાસમેટ્સ ખરા પણ તેમના ત્રણેયના ફ્રેન્ડ્ઝ ગૃપ જુદા જુદા હતા. તે ત્રણેય વચ્ચે જો કોઈ સામ્યતા હોય તો તે એટલી જ કે ત્રણેય ફ્રેન્ડ સોનાલીને પસંદ કરતા હતા, ચાહવા લાગ્યા હતા.

મુગ્ધતાની મૂર્તિ સોનાલી રમતિયાળ ઢીંગલી જેવી ખરી પણ ખાસ્સી મૅચ્યૉર પણ હતી. તે આંખોના ભાવ પરથી, નજર પરથી પામી જતી કે સામી વ્યક્તિના મનમાં શું ચાલી રહ્યું છે? બૉડી લૅન્ગ્વેજ ઉપરથી તે વ્યક્તિનો તાગ પામી જતી. એક દિવસ સ્કૂલમાં રિશેષ ટાઈમમાં સ્કૂલ કેન્ટિનમાં સોનાલી તેની ફ્રેન્ડ દીપા સાથે પિઝા ખાઈ રહી હતી.

અચાનક નજીક દોડી આવેલા મીતે સોનાલી જોડે છેડછાડ કરી હતીઃ ''હાય, સ્વીટી ડાર્લિંગ, વિલ યુ કિસ મી?''

સોનાલીએ જરાય વિચલિત થયા વિના મીતને લાફો ચોડી દીધો હતો. છંછેડાયેલા મીતે સોનાલીના માથાના વાળ ખેંચીને તેના ગાલે કિસ કરીને ચાલતી પકડી હતી. બાજુના ટેબલ ઉપર નાસ્તો કરી રહેલા શિખરથી ના રહેવાયું. આ તમાશો જોઈને તેણે મીતને લલકાર્યો હતોઃ ''હેય, યુ કાવર્ડ – બાસ્ટર્ડ...?''

શિખરે મીત સાથે સોનાલી મામલે ઝગડો કર્યો હતો. બેઉ મારામારી ઉપર ઉતરી આવ્યા હતા. બીજા છોકરાઓ અને ખુદ સોનાલી વચ્ચે પડ્યાં હતાં. એ વખતે તો લાગતું હતું કે મામલો શાંત થઈ ગયો છે પણ ખરેખર તો મામલો ગરમાયો જ હતો.

સોનાલીએ પહેલી વાર શિખરનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું હતુઃ ''શિખર, આઈ એમ હાર્ટલી થેન્કફૂલ ટુ યુ. પણ તારે આમ રિસ્ક લેવાની કે ઝગડવાની જરુર નહોતી.''

> **શિખરે મીત સાથે સોનાલી મામલે ઝગડો કર્યો હતો. બેઉ મારામારી ઉપર ઉતરી આવ્યા હતા. બીજા છોકરાઓ અને ખુદ સોનાલી વચ્ચે પડ્યાં હતાં. એ વખતે તો લાગતું હતું કે મામલો શાંત થઈ ગયો છે પણ ખરેખર તો મામલો ગરમાયો જ હતો.**

એ ઝગડા પછી તો સ્ટુડન્ટ્સ ગૃપમાં અવારનવાર નાની નાની નોંકઝોંક ચાલતી રહેતી. એક દિવસ સમાધાનની વાત કરીને સૌ દોસ્તોને પોતાના ઘરે પાર્ટી માટે ઈન્વાઈટ કર્યા હતા. સોનાલીને લાવવાની જવાબદારી મીતે ખુદ શિખરને સોંપી હતી.

શિખરે કહ્યું હતુઃ ''સોનાલી, એવી બધી વાતો મનમાં નહિ રાખવાની. લેટ્સ હેવ એ ફન ઍન્ડ ઍન્જૉય.'' પાર્ટીમાં બધા દોસ્તો ખુબ નાચ્યા, ઝુમ્યા અને મસ્તી કરી હતી. વૈભવના ડાન્સ-સ્ટેપ્સ્ સોનાલીને મોહિત કરી ગયા હતા. તે મોહી પડી હતી અને કહ્યું પણ હતુઃ ''લવલી, વૈભવ. યુ હેવ ડન ગૂડ ડાન્સ...''

એક દિવસ તો ભારે થઈ હતી. પ્રિલિમનરી ઍક્ઝામના દિવસો હતા અને સોનાલીએ પોતાના ઘરે બર્થ ડે પાર્ટી ઍરેન્જ કરી છે એમ કહીને શિખરને ઈન્વાઈટ કર્યો હતો. શિખરે સમી સાંજે સોનાલીના ઘરે પહોંચીને જોયું તો સોનાલી સિવાય કોઈ નહોતું.

શિખરની મુંઝવણ પારખીને સોનાલીએ કહ્યું હતુઃ ''ચિલ, શિખર. મારા ઘરેથી બધા બહારગામ ગયા છે. કાલે સાંજ સુધીમાં આવશે. ઘરે હું એકલી છું એટલે જ મેં તને ઈન્વાઈટ કર્યો છે. ડૉન્ટ બી સિલી. કમ ઍન્ડ હેવ એ ફન. વી કેન ઍન્જૉય ઑલ ધ નાઈટ...''

''પણ મારે તો ઍક્ઝામની તૈયારી કરવાની છે. બહુ બધા લેશન્સ્ બાકી છે.'' શિખર સંકોચ પામતો રહ્યો હતો અને સોનાલીએ તેને પોતાના બાહુપાશમાં ઓગાળી દીધો હતો. વહેલી સવારે શિખરને ભાન થયું હતું કે રાતભર શું બની ગયું. તે સોનાલીને બેડ ઉપર સૂતેલી રાખીને તેને કશું કીધા વગર જ પોતાના ઘરે જવા નીકળી ગયો હતો. સોનાલીના વૉટ્સ-ઍપમાં શિખરે એક મેસેજ છોડ્યો હતોઃ ''થેન્ક્સ્ – લવ યુ...''

સોનાલીની ફેવરમાં મીત સાથે ઝગડો કરનાર પણ શિખર હતો તો મીતના ઘરે પાર્ટીમાં જવા માટે સોનાલીને મનાવનાર પણ શિખર જ હતો. વૈભવ સાથે સોનાલીનો ઈન્ટ્રો પણ શિખરે જ કરાવીને દોસ્તી કરાવી હતી. પ્રિલિમનરી ઍક્ઝામ પૂરી થઈ હતી અને ઍન્યુઅલ ઍક્ઝામ નજીક હતી. દિવસો ઓછા અને પ્રિપેરેશન વધારે કરવાની હતી. એવામાં એક દિવસ સોનાલીએ શિખરને કૉલ કર્યો હતોઃ ''હાય, શિખર. મમ્મી-પપ્પા આઉટ ઑફ ટાઉન ગયા છે. ઘરે કોઈ નથી. મને ગમતું નથી. તું આવી જા. આપણે સાથે રીડિંગ કરીશું.''


શિખરે કહ્યું હતુઃ ''જો, સોનાલી. હું તારા ઘરે ઍક્ઝામ ટાઈમ પર વાંચવા ઘણી વાર તારા ઘરે આવ્યો અને નાઈટ હૉલ્ટ પણ કર્યા. હવે મારું મન ના પાડે છે. પ્લિઝ. ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ મી.''

શિખરે ખુબ સમજાવી છતા સોનાલી ના માની તો ના જ માની. સોનાલીએ વળતો પ્રહાર કરતા કહ્યું હતું કે ''ઑ.કે. જો તું ના આવી શકતો હોય તો હું વૈભવને બોલાવી લઉં છું. મેં તને ફર્સ્ટ પ્રેફરન્સ આપ્યો એ મારી ભૂલ હતી. વૈભવ નહિ આવે તો મીત તો રેડી જ છે. હા, એ જરા વાઈલ્ડ અને નૉટોરિયસ છે, એટલું જ. બટ આઈ હેવ નૉ પ્રૉબ્લેમ. આઈ વૉન્ટ કંપની વિથ ફન ઑલ ધ નાઈટ.''

શિખરે કવિ મુકેશ માલવણકરની કવિતા સોનાલીને સેન્ડ કરી હતીઃ

''હું ધારું તો પણ
ગોફણનો પથ્થર
બની શકું તેમ નથી,
અને તું ઈચ્છે તો પણ
પંખી બની શકે એમ નથી.
ફક્ત સમસ્યા છે
આપણી વચ્ચે એકાએક
ઊભા થયેલા
લીલા ખેતરની.''

# આપણી પાસે જે કંઈ હોય તેને વધારે તીક્ષ્ણ બનાવીએ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

'માનવીય સંબંધો' અંગેના એક સેમિનારમાં, શરૂઆતમાં દરેક સહભાગીની ઓળખવિધિ થતી હતી. એ ઓળખવિધી દરમ્યાન દરેક સહભાગી પોતાનું નામ, પોતાનો અભ્યાસ, પોતાનો વ્યવસાય, કુટુંબની વિગત સાથે સાથે પોતાના શોખ વિષેની પણ માહિતી આપતા હતા. આ પ્રક્રિયા દરમિયાન એક સહભાગી યુવતીએ પોતાની વિગતવાર ઓળખ આપતા પોતાના શોખ વિષે જણાવ્યુ કે પોતાને વિવિધ પ્રકારની શિબિરો અને સેમિનારોમાં ભાગ લઈને વિવિધ પ્રકારની માહિતી મળવવાનો અને જ્ઞાન પ્રાપ્ત કરવાનો શોખ છે. આ ઉપરાંત યુવતીએ ગૌરવપૂર્વક જણાવ્યુ કે પોતાને નવા-નવા મિત્રો બનાવવાનો અને નવા-નવા સંબંધો કેળવવાનો શોખ છે. વિવિધ શિબિરોમાં ભાગ લેવાનું મુખ્ય કારણ જણાવતાં તેમણે કહ્યું કે દરેક શિબિરોમાં તેમને નવા નવા મિત્રો મળતા રહે છે, નવા નવા સંબંધો બંધાતા રહે છે અને પોતાના સંબંધોનું વિશ્વ વિશાળ થતું રહે છે.

એ સેમિનાર ત્રણ દિવસનો હતો. એ ત્રણ દિવસ દરમિયાન તજજ્ઞને એ યુવતીને વધારે નજીકથી ઓળખવાની તક મળી. તજજ્ઞને જાણવા મળ્યું કે એ યુવતિના ઘણા મિત્રો હતા જેમાં યુવકો પણ હતા અને યુવતિઓ પણ હતી. તેને મોબાઈલમાં ઘણા બધા નંબર્સ 'સેવ' કરેલા હતા. એ યુવતીની પોતાના મોબાઈલમાં નંબર્સ 'સેવ' કરવાની 'પેટર્ન' પણ રસ પડે એવી હતી. મોબાઈલમાં મિત્રનું નામ અને પછી શિબિરનું નામ કે સ્થળ લખીને નંબર 'સેવ' કરતી હતી જેથી ક્યો મિત્ર કઈ શિબિરમાં કે ક્યાં સ્થળે પહેલીવાર મળ્યો હતો તેની ખબર પડે અને એ મિત્રને ઓળખી શકે.

એ યુવતિ લાગણીશીલ હતી, સંવેદનશીલ હતી, બહિર્મુખ (extrovert) હતી. હા, એ યુવતીના સંબંધોનું વિશ્વ ખૂબ જ વિશાળ હતું, એ યુવતીના અનેક મિત્રો હતા પણ તેનું કોઈ એકદમ નજીકનું, અંતરંગ, ગાઢ કહી શકાય એવા કોઈ જ મિત્રો ના હતા. સેમિનાર દરમિયાન પણ યુવતિ દરેક સમયે જુદા જુદા સહભાગી યુવક અને યુવતિઓ સાથે જોવા મળતી હતી. એ સેમિનાર દરમિયાન પણ એ યુવતિ પોતાના અંગત કહી શકાય એવા એક પણ મિત્ર ના બનાવી શકી. યુવતીના જ્ઞાનનું પણ કઈક એવું જ હતું. એ યુવતિ 'જેક ઓફ ઓલ' **(jack of all)** હતી પણ 'માસ્ટર ઓફ નન' **(master of none)** હતી.

માનવીનો એક સ્વભાવ છે. પોતાની પાસે જે કઈ પ્રાપ્ત છે, પોતીકું છે, જે કઈ મેળવ્યું છે તેનાથી કા તો તેને સંતોષ નથી, કા તો તેને તેની કોઈ જ કિંમત નથી અને કા તો તેને સાચવી શકતી નથી. આ જ કારણોસર વ્યક્તિ પાસે જે કઈ હોય છે તેને બદલે બીજુ કઈક મેળવવા માટે, વધારે પ્રાપ્ત કરવા માટે સતત હવાતિયાં માર્યા કરે છે. આમ કરવાનું પરિણામ ક્યારેક એવું આવે છે કે વધારનું કઈ મળતું નથી અને વધારે મેળવવાની લ્હાયમાં ને લ્હાયમાં જે હોય છે તે પણ સરખી રીતે સાચવતું નથી. આમ 'બાવાના બેય બગડે છે'.

વિશ્વવિખ્યાત અમેરિકન અભિનેતા, નિર્માતા અને સંગીતકાર જોન ડેપ **(John Depp)** કહે છે કે તમે એક સાથે બે વ્યક્તિને ચાહતા હોય તો બીજાને વધારે પ્રેમ કરો કારણકે તમે પહેલાને જો ખરેખર પ્રેમ કરી શક્યા હોત તો બીજા સાથે સંબંધો ના વિકસાવ્યા હોત. બીજા અર્થમાં એમ કહી શકાય કે જે છે તે ઈભવી નથી શકતા એટલે આપણે બીજા પાછળ દોડી છીએ.

આપણી બહારનું વિશ્વ એકદમ વિશાળ છે. ક્ષિતિજોની કોઈ જ સીમા નથી. Sky has no limits. એટલે એ વિશાળ વિશ્વમાથી નવું નવું મેળવવાની પણ કોઈ જ મર્યાદા નથી. સંબંધોનું વિશ્વ પણ એટલું જ વિશાળ છે એટલે નવા નવા સંબંધો સ્થાપિત કરવાની પણ કોઈ સીમા નથી. રોજ-બ-રોજ નવા નવા સંબંધો કેળવતા રહીએ અને સ્થાપિત કરતાં રહીએ એવી આપણી ક્ષમતા તો હોય આમ છતાં જે સંબંધો આપણાં હૃદયના પટારામાં વર્ષોથી સંઘરીને રાખ્યા હોય તેનું શું? એ સંબંધો પટારામાં એમ જ પડ્યા રહે, એ સંબંધોને સાચવવા માટે, એ સંબંધોની રખેવાળી કરવા માટે આપણે જો સાચુકલા પ્રયત્નો ના કરી શકીએ એ તો એ સંબંધો ઘસાઈ જાય, એ સંબંધોને કાટ લાગી જાય, એ સંબંધોનું સારી જો રીતે જતન ના કરી શકીએ તો એ જરીપુરાણા બની જાય. એ સંબંધોને હૃદયથી ના પંપાળી શકીએ તો એ પાંગળા બની જાય એ સંબંધોને વહાલ ના કરી શકીએ તો, એ સંબંધોને પ્રેમ ના કરી શકીએ તો એ આપણાંથી રિસાઈ જાય, રુઠી જાય, આપણાં તરફથી મો ફેરવી લે. રોજ-બ-રોજ નવા સંબંધો ભલે બનાવતા રહીએ પણ સાથે સાથે જૂના સંબંધોની પણ વધુને વધુ નજીક આવતા રહીએ. જૂના સંબંધોને વધારે ગાઢ બનાવતા રહીએ. તેને હૃદયસ્થ કરતાં રહીએ અને આત્મસાત કરતાં રહીએ.

આપણી પાસે જે પ્રાપ્ત છે તેની જાણે અજાણે અવગણના થશે, તેની પૂરતી કાળજી ન લઈ શકીએ, તેનું જતન ના કરી શકીએ અને નવું પ્રાપ્ત કરવા માટે ઝઝૂમતાં રહીશું, વલખાં મારતા રહીશું તો તેનો કોઈ જ અર્થ નથી. જે છે તેનું જતન ના કરી શકીએ તો તે આપણી પાસે ના હોવા બરાબર જ છે. આમ જે છે તેને પણ ગુમાવી દઈએ છીએ.

સંબંધ આપણાં જ છે, પોતાના જ છે. તેના ઉપર પૂરતું ધ્યાન કેન્દ્રિત નહીં કરીએ તો તે ક્યારેય વધારે ગાઢ બની નહીં શકે. એ સંબંધોને સાચવવા માટે, નિભાવવા માટે થોડો વધારે સમય આપીએ, તેના માટે થોડો વધારે પુરુષાર્થ કરીએ. જો એમ નહીં કરીએ તો એ સંબંધો પાછળ વર્ષોથી ખર્ચેલા સમય, વર્ષોથી કરેલી મહેનત પાણીમાં જશે. નવું મળશે કે નહીં, મળશે તો કેવું હશે અને કેટલું ટકશે તેની કોઈ ખાતરી નથી અને જૂનું હાથમાથી સરકી જશે.

આપણે સૌ આપણી પાસે જે કઈ હોય તેને વધારે તીક્ષ્ણ બનાવીએ, વધારે ધારદાર બનાવીએ અને તેનો લખલૂટ આનંદ લૂટતા રહીએ.